# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-04-2025** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે સંસ્કૃત ભાષા શીખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.**
2. **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે રાજકોટમાં વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે.**
3. **GPSCની વર્ગ એક અને બેની આજે પરીક્ષા , 405 કેન્દ્ર પર 97 હજારથી વધુ ઉમેદવારો પરીક્ષા આપશે.**
4. **રાજ્યમાં આગામી બે દિવસ ગરમીમાંથી આંશિક રાહત મળવાની આગાહી.**
5. **અમદાવાદમાં રમાયેલી I.P.L.માં ગુજરાત ટાઈટન્સે દિલ્હી કૅપિટલ્સને સાત વિકેટથી પરાજય આપ્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# RUSHIKESH PATEL SOMNATH

ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે સંસ્કૃત ભાષા શીખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં આવેલી શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વ-વિદ્યાલય ખાતે ગઈકાલે સોમેશ્વર કુમાર છાત્રાવાસ તથા નટેશ્વર રંગમંચનું ખાતમુહૂર્ત કરતા શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું , શિક્ષણથી લઈ ધન્વંતરિના આરોગ્ય સુધીના જ્ઞાનને સંસ્કૃત ગ્રંથોમાં સમાહિત કરાયેલું છે, ત્યારે આજે સંસ્કૃત શીખવાની જરૂર છે. સંસ્કૃત એ ટકાવારીનો વિષય નહીં, પરંતુ શીખવાનો વિષય બનવું જોઈએ.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણમંત્રી)**

---

# DR MANDAVIYA RAJKOT

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે રાજકોટમાં વિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સત્તાવાર યાદી મુજબ, શ્રી માંડવિયા આજે સવારે ભાયાવદર ખાતે ‘સન્ડે ઑન સાઈકલ’ કાર્યક્રમમાં સ્થાનિકો સાથે સાઈકલ ચલાવશે. ત્યારબાદ તેઓ ઉપલેટા અને ધોરાજી ખાતે નિર્માણ પામનારા નવા S.T. ડેપો, ઉપલેટા રેવન્યૂ ભવન તેમજ વિવિધ માર્ગ અને બ્રિજનું ખાતમુહૂર્ત કરશે.

ગઈકાલે શ્રી માંડવિયાએ રાજકોટના ધોરાજી ખાતે 63 લાખ રૂપિયાના 23 વિકાસકાર્યોનું ઈ-ખાતમુહૂર્ત અને 62 લાખ રૂપિયાના 23 કામનું ઈ-લોકાર્પણ કર્યું હતું. દરમિયાન મોટી મારડ ગામમાં સેવાસેતુ કાર્યક્રમને સંબોધતાં તેમણે

સેવાસેતુની સાથે યોજાતા આરોગ્ય ચેકઅપ કૅમ્પથી અનેક લોકોના જીવ બચ્યા હોવાનું પણ જણાવ્યું હતું.

---

# GPSC EXAM

ગુજરાત જાહેર સેવા આયોગ- G.P.S.C. દ્વારા આજે વર્ગ એક અને બે માટેની પરીક્ષાનું આયોજન કરાયું છે. રાજ્યના 21 જિલ્લાઓમાં આજે બપોરે 12 વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી ગુજરાત વહીવટી સેવા વર્ગ એક, ગુજરાત મુલ્કી સેવા વર્ગ એક અને વર્ગ બે તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ 2ની પરીક્ષા યોજાશે. આ અંગે સાંભળીએ ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતાનો અહેવાલ.

## (વૉઈસકાસ્ટઃ દુર્ગેશ મહેતા, પ્રતિનિધિ, ગાંધીનગર)

દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લામાં આજે પરીક્ષા માટે ફાળવવામાં આવેલા 10 જેટલા કેન્દ્ર પર બે હજાર 534 જેટલા ઉમેદવાર પરીક્ષા આપશે.

---

# RTE ADMISSION

શિક્ષણનો અધિકાર- R.T.E. કાયદા 2009 અંતર્ગત આ વખતે જિલ્લાકક્ષાએ 16 હજાર 926 જેટલી અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય થઈ છે. અરજી રદ થઈ હોય તેવા અરજદારો આવતીકાલથી 23 એપ્રિલ સુધી ઓનલાઈન

RTE.ORPGUJARAT.COM પર પોતાની અરજી ભરી શકશે. અરજી નંબર અને જન્મતારીખ દાખલ કરી રદ થયેલી અરજીમાં કોઈ જરૂરિયાત મુજબના દસ્તાવેજ અપલોડ કરવા માગતા ઉમેદવારો પોતાની અરજી કરી શકે છે.

રદ થયેલી અરજીઓની પુનઃચકાસણી જિલ્લાકક્ષાએ આવતીકાલથી 24 એપ્રિલ સુધી કરાશે. જ્યારે R.T.E. હેઠળ પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ 28 એપ્રિલે જાહેર કરાશે.

---

# KAROBARI BETHAK

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની પાટણ જિલ્લાની અનુદાનિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને આચાર્ય સંવર્ગની કારોબારી બેઠક ગઇકાલે યોજાઇ ગઈ. બેઠકમાં પ્રાચાર્ય સંવાદ અભિયાન વિષય અંગે વિસ્તૃત સમજ આપી અભિયાનનો હેતુ અને લાભ વિશે સંવાદ કરાયો. ઉપરાંત વિનિમય સુધારા સમિતિ અને 360 ડિગ્રી મૂલ્યાંકનની સમિતિ વિશે સમજ આપવામાં આવી હતી.

---

# WEATHER

રાજ્યમાં આગામી 2 દિવસમાં મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી છે. ત્યારબાદ તાપમાન બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. આ સાથે જ આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેશે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે.

**છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કંડલા હવાઈમથક પર નોંધાયું હતું. જ્યારે અમદાવાદ , સુરેન્દ્રનગર અને રાજકોટમાં 43 ડિગ્રી , ગાંધીનગર અને ડીસામાં 42 ડિગ્રી , જ્યારે ભુજ, ભાવનગર અને વડોદરામાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે.**

---

# TOLL FREE 1916

**રાજ્યમાં ગ્રામજનોના પીવાના પાણીની 99 ટકાથી વધુ ફરિયાદનું ટૉલ ફ્રી નંબર 1916 દ્વારા નિવારણ કરાયું છે. સત્તાવાર યાદી મુજબ, પાણી પૂરવઠા વિભાગ દ્વારા શરૂ કરાયેલી આ ટૉલ ફ્રી સેવાથી અત્યાર સુધીમાં બે લાખ 22 હજાર 116 ફરિયાદ નોંધવામાં આવી છે, જેમાંથી બે લાખ 21 હજાર 364 ફરિયાદનું નિવારણ કરાયું છે. સાંભળીએ એક અહેવાલ..**

## (વોઇસ કાસ્ટ: મિતલ પટેલ)

*(ટોલ ફ્રી નંબર 1916 પર જે જિલ્લામાંથી ફરિયાદ આવી હોય , તેના સંબંધિત જવાબદાર વિભાગના સબ ડિવિઝન અધિકારીને જાણ કરવામાં આવે છે. જે-તે અધિકારી ફરિયાદની સ્થળની મુલાકાત લઇને 48 કલાકમાં ફરિયાદનું નિરાકરણ લાવે છે. ગામમાં પીવાનું પાણી મળતું ન હોય , આંતરિક પાઇપલાઇનમાં લિકેજ હોય, બોરમાં ખરાબી હોય , પમ્પિંગ મશીનરીની મરામત , જૂથ યોજનાનું પાણી મળતું ન હોય , પાણી ગુણવત્તાની ફરિયાદ વગેરે જેવી ગ્રામ્ય પેયજળ યોજનાને લગતી ફરિયાદો ટોલ ફ્રી નં.1916 પર કરવામાં આવે છે.*

*(મિતલ પટેલ આકાશવાણી સમાચાર)*

---

# ELECTRIC VEHICLE TAX RATE

ટકાઉ પરિવહનને પ્રોત્સાહન આપવા, રાજ્ય સરકારે ઇલેક્ટ્રીક વાહનો પરના ઉચ્ચક વાહન વેરાનો દર છ ટકાથી ઘટાડીને એક ટકા કરવાની જાહેરાત કરી છે. નવો વાહન વેરા દર આગામી 31 માર્ચ , 2026 સુધી અમલમાં રહેશે. તે દરમિયાન, સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક વાહનો પર નાગરિકોને પાંચ ટકા વેરા છૂટ આપવામાં આવશે.

આ સુધારા સાથે મેક્સી શ્રેણીમાં પ્રવાસી વાહનની ક્ષમતા મુજબ , હાલમાં અમલી આઠ ટકા તથા 12 ટકાના દરને પણ ઘટાડીને છ ટકા કરાયો. છે. નાગરિકો હવે વાહન 4.0 પોર્ટલ દ્વારા તેમના ઇલેક્ટ્રીક વાહનોની ઓનલાઈન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે. આ દર ઘટતા ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનોનો વ્યાપ વધશે અને પર્યાવરણના સંરક્ષણ ની સાથે શાશ્વત વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

---

# IPL AMDAVAD

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં ગઈકાલે ગુજરાત ટાઈટન્સે દિલ્હી કૅપિટલ્સને સાત વિકેટથી પરાજય આપ્યો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી મૅચમાં દિલ્હી કૅપિટલ્સે ગુજરાત ટાઈટન્સ ને જીતવા 204 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ગુજરાતે 19 ઓવર બે બૉલમાં ત્રણ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. ગુજરાત માટે જૉસ બટલરે 54 બૉલમાં સૌથી વધુ અણનમ 97 રન બનાવતા તેમને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા.

---

# FARIYAD NIVARAN SAMITI

પંચમહાલના ગોધરા ખાતે જિલ્લા  સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ ગઈ. દરમિયાન જિલ્લા કલેક્ટરે જિલ્લાના  પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા વિવિધ પ્રશ્નોનો યોગ્ય નિકાલ કરવા સંબંધિત અધિકારીઓને સૂચનો આપ્યા હતા.

---

# CHOTA UDEPUR MINES

છોટાઉદેપુર ખાતે 32  જેટલી ડૉલોમાઈટની ખાણ કાર્યરત્ છે. આ ખાણના પર્યાવરણીય પ્રમાણપત્ર રદ  કરાતા હવે ખાણ ચલાવવી મુશ્કેલ છે,  જેથી ડૉલોમાઇટ ઉદ્યોગ પર માઠી અસર પડી છે. આ અંગે ખાણમંડળના પ્રમુખ મહમદ યુસુફ મલાએ માહિતી આપી.

## બાઇટ :  મહંમદ યુસુફ મલા, પ્રમુખ

---